# આકાશવાણી, ભુજ

## સમાચાર વાચક : આરતી ભટ

## કોમ્પ્યુટરરાઈઝડ : આશિષ શાહ

## તારીખ : ૦૪—૧૨—૨૦૨૧ સમય : સવારે ૬.૫૦

---

### જન ઔષધિ કેન્દ્રનું લક્ષ્ય :

કેન્દ્ર સરકારે સમગ્ર દેશમાં માર્ચ ૨૦૨૫ સુધીમાં ૧૦૫૦૦ જનઔષધી કેન્દ્રો ખોલવાનું લક્ષ્ય રાખ્યું છે. રાજયસભામાં એક લેખીત જવાબમાં રસાયણ અને ખાતર મંત્રી મનસુખ માંડવિયાએ જણાવ્યું કે, હાલ ૮૫૩૩ જનઔષધિ કેન્દ્રો કાર્યરત છે. પ્રધાનમંત્રી ભારતીય જનઔષધિ પરિયોજના હેઠળ ૧૪૫૧ દવાઓ અને ૨૪૦ સર્જિકલ વસ્તુઓનો સમાવેશ થાય છે.

આરતી ભટ

---

### સંસદ જાહેર હિસાબ સમિતિ :

સંસદની જાહેર હિસાબ સમિતિની સ્થાપનાને આજે ૧૦૦ વર્ષ થશે. જાહેર હિસાબ સમિતિના અધ્યક્ષ અધિર રંજન ચૌધરીએ એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ આજે સંસદ ના સેન્ટ્રલ હોલમાં બે દિવસીય શતાબ્દી સમારોહનું ઉદઘાટન કરશે. શ્રી ચૌધરીએ જણાવ્યું કે, ઉજવણી માં વર્તમાન સમયમાં કામગીરી અને પડકારો અંગે ચાર થીમ આધારીત સત્રો યોજાશે.

આરતી ભટ

---

### રાજયપાલ બીએસએફના જવાનોને શુભકામના :

રાજયપાલ આચાર્ય દેવવ્રતે ગાંધીનગર સ્થિત સીમા સુરક્ષા બળના ફ્રન્ટિયર હેડકવાર્ટરની મુલાકાત લઈ સીમા સુરક્ષા બળના ૫૭મા સ્થાપના દિને જવાનોને શુભકામનાઓ પાઠવી હતી.

રાજયપાલશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે સીમા સુરક્ષા બળના જવાનોના સાહસ, શૌર્ય અને વીરતા દેશની યુવા પેઢી માટે પ્રેરણાસ્ત્રોત છે.

રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે, ભારત દેશની સરહદોની સુરક્ષા માટે અહર્નિશ સેવારત સીમા સુરક્ષા બળના જવાનોના સાહસ અને શૌર્યને કારણે દેશની સરહદો સુરક્ષીત છે. તેમણે જણાવ્યું હતું કે, આવશ્યકતા ઉભી થાય ત્યારે બીએસએફના જવાનો દેશની આંતરીક સુરક્ષા, સલામતી અને શાંતિ માટે હંમેશા તત્પર રહે છે.

આરતી ભટ

---

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ :

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતમાં ઉધોગ અને મૂડીરોકાણ ઉધોગ અને મૂડીરોકાણ માટે રાજય સરકાર કન્ડયુસીવ એન્વાયમેન્ટથી ઉદ્યોગકારોના પ્રશ્નોનો હલ લાવી તેમને ઉધોગ સંસ્થાપનમાં જરૂરી સહાય કરશે તેમ જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ વન ટુ વન બેઠકોનો ઉપક્રમ પૂર્ણ કરી ગુજરાતમાં મૂડી રોકાણની તકો, વિવિધ ક્ષેત્રોમાં ગુજરાતની સિધ્ધિઓ અને ગુજરાત દેશના રોલ મોડેલ તરીકે ઉભરી આવ્યું છે. તેની વિસ્તૃત જાણકારી ઉધોગ અને વેપાર જગતના અગ્રણીઓ, ડેલીગેટસ અને આમંત્રિતો સમક્ષ રોડ–શો અંતર્ગત આપી હતી.

આરતી ભટ

---

## રાજય–જિલ્લા કોરોના :

રાજયમાં સતત ત્રીજા દિવસે કોરોનાના નવા ૪૦થી વધુ કેસ નોંધાયા હોવાના અહેવાલ છે. વિતેલા ૨૪ કલાક દરમ્યાન નવા ૪૫ કેસ નોંધાયા હતા તે સામે ૪૫ દર્દીઓ સાજા થઈ સારવાર મેળવી ઘરે

પરત ફર્યા હતા. રાજયમાં હાલ ૩૧૮ એકટિવ કેસ છે. અને ગઈકાલે રાજયમાં ૩,૯૦,૧૫૪ વ્યકિતઓને કોરોના વિરોધી રસી અપાઈ હતી.

કચ્છ જિલ્લામાં ગઈકાલે કોરોના સંક્રમિત એકપણ કેસ નોંધાયો ન હોવાથી રાહત મળી છે. માંડ વીના પાંચ દર્દી સ્વસ્થ થતાં સક્રિય કેસ ઘટીને આઠ પર પહોંચ્યો છે. જિલ્લામાં બધા તાલુકા મળીને કુલ ૧૨,૫૭૨ વ્યકિતઓનું રસીકરણ કરાયું હતું.

આરતી ભટ

---

## નવા પ્રમુખની વરણી :

ગુજરાત પ્રદેશ  કોંગ્રેસ  સમિતિના  નવા પ્રમુખ તરીકે  જગદીશ ઠાકોરની વરણી થઈ છે. તેઓ અમિત ચાવડાનું સ્થાન લેશે. જયારે  વિધાનસભાના  વિપક્ષી નેતા તરીકે સુખરામ રાઠવાની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. તેઓ પરેશ ધાનાણીનું સ્થાન લેશે.

આરતી ભટ

---

## ઠંડીની તીવ્રતા :

કચ્છ જિલ્લામાં ગત દિવસોમાં વરસાદી માવઠા થવાની આકાંક્ષા હતી જે વાદળીયું વાતાવરણ વિખેરાતા પવન નીકળતા ઠંડીએ જોર પકડયું છે. રાત્રે અને દિવસે પણ ઠંડીની તીવ્રતા અનુભવાય છે. ત્રણ ડીગ્રીના ઘટાડા સાથે નલિયામાં લઘુતમ પારો ઘટીને ૧૨.૨ ડીગ્રીએ પહોંચ્યો છે. આમ ફરીવાર નલિયા રાજયમાં ઠંડીની તીવ્રતાને લીધે મોખરે છે. આ ઠંડા માહોલમાં શરદી જન્ય રોગો માથું ઉંચકવાની શકયતાને લીધે લોકોને સાવચેત રહેવા જણાવ્યું છે.

આરતી ભટ

---

## જિલ્લામાં હથિયાર બંધી :

હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ કોવિડ–૧૯ને વર્લ્ડ હેલ્થ ઓગનાઈઝેશન દવારા મહામારી જાહેર કરેલ હોઈ અને કચ્છ જિલ્લામાં કોવિડ–૧૯ને અનુલક્ષીને મુકવામાં આવેલ પ્રતિબંધો ની અમલવારી તેમજ ધાર્મિક તહેવારોને અનુલક્ષીને સમગ્ર કચ્છ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનિય બનાવ બનવા ન પામે તેમજ સુલેહ શાંતિ જળવાઈ રહે તે માટે સાવચેતીના પગલાંરૂપે ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી હનુમવંતસિંહ જાડેજાએ તેમને મળેલ અધિકારની રૂએ તા.૨ ડીસેમ્બર થી ૩૧મી ડાસેમ્બર સુધી સમગ્ર કચ્છ જિલ્લામાં હથિયારબંધીના આદેશ જાહેર કર્યા છે.

આરતી ભટ

—————————————————————————————————

—————————————————————————————————